### ભાજપ અત્યાર સુધીમાં બે બેઠકો પર બિનહરીફ જીત્યું

# ડભોઈમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લોહીયાળના એંધાણ : ભાજપ કોંગ્રેસ સામ સામે

**તાલુકા** પંચાયત કચેરી ખાતે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.15

ડભોઈ નગરપાલિકા ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ના ફોર્મ ખેચવા ની આજે છેલ્લી તારીખ હતી જેને લઈ ડભોઈ તાલુકા પંચાયત સમરાંગણ મા ફેરવાયુ હતું અને પોલીસ કાફલો સ્થિતિ વધુ ના વણસે એ માટે ઉભા પગે જોવા મળ્યો હતો ડભોઈ નગરપાલિકા ની ચૂટણી મા વોર્ડ નં ૯ એક વખત શહેર ભાજપ ના ઉપ પ્રમુખ વિજય રબારી પોતાનુ ફોર્મ પાછુ ખેચી લેતા ભાજપ ના પરેશ રબારી બિન હરીફ વિજેતા થયા છે જ્યારે ડભોઈ તાલુકા પંચાયત ની ૨૦ બેઠકો માટે ની ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે જેમાં ભાજપ બે બેઠક પર બિન હરીફ થયુ છે જેને લઈ કોગ્રેસ ના કાર્યકરો અને ભાજપ ના કાર્યકરો વચ્ચે છુટા હાથ ની મારામારી જોવા મળી હતી. ડભોઈ તાલુકાના લિંગસ્થળી કોગ્રેસ ના અરવિંદ પા.વા એ ફોર્મ પરત ખેચતા ભાજપ ના રાજેશ પટેલ અને કુંઢેલા બેઠક પર કોગ્રેસ અને



આમ આદમી ના ઉમેદવારે ફોર્મ પાછુ ખેચતા ભાજપ ના સૂરેશ ભાઈ રાઠોડ બિન હરીફ થયા છે. જયારે નગરપાલિકામાં વોર્ડ નં ૭ મા પણ ટેકનીકલ કારણો સર ચૂંટણી થનાર છે. ડભોઈ નગરપાલિકા અને તાલુકા મા હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ડભોઈ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી છે અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપ માથી કોગ્રેસ મા આવેલા નગરપાલિકા ના ઉમેદવારો ચૂંટણી જિત્યા પછી કેશરીયો કરશે એ નક્કી છે.

## પાદરા તાલુકામાં સગીરાની છેડતી અને મારામારીનો ગુનો નોંધાયો

પાદરાઃ પાદરા તાલુકાના મોભા ગામે સગીર વયની દીકરી સાથે છેડતી અને બાદમાં થયેલી મારામારીની ઘટનાને લઈ વડુ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગત મુજબ, ગરરોજ સાંજના સમયગાળા દરમિયાન મોભા-જલાલપુરા વચ્ચેના રોડ ઉપર આ બનાવ બન્યો હતો. ભોગ બનનાર સગીર દીકરી એકટીવા પર દુકાનમાંથી સામાન લેવા જતી હતી ત્યારે આરોપી હર્ષ રાજેન્દ્રભાઈ પટેલે તેને રસ્તામાં અટકાવી પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું. દીકરીએ ના પાડવા છતાં આરોપી દ્વારા તેનો પીછો કરીને વારંવાર વાત કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

# વડોદરા ગ્રામ્ય LCB દ્વારા દારૂનો મોટો જથ્થો ઝડપાયો: ૬૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબિશન ડ્રાઈવ અંતર્ગત એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં કુલ ૬૪ લાખ ૩૩ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં દારૂ, કન્ટેનર, મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે.

પેટ્રોલિંગ દરમિયાન, સાપા ગામના ઓવરબ્રિજ પાસે પહોંચતા તેમને એક બાતમી મળી હતી. બાતમી અનુસાર, MH-24-AU-6701 નંબરના એક કન્ટેનરમાં



ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે અને તે કન્ટેનર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર થઈને ભરૂચ પસાર કરીને કરજણ તરફ આવી રહ્યું છે.

આ બાતમીના આધારે, LCB સ્ટાફના માણસો અને પંચોના માણસો સાથે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, બે આરોપીઓ (૧) મહેશસિંહ જીલુભા સોલંકી (ઉવ. ૪૦, રહે. ઈન્દ્રણજ રાજપુત ખડકી, તા.તારાપુર, જી.આણંદ) અને (૨) ભરતભાઈ પોપટભાઈ પરસોડ (ઉવ. ૪૧, રહે. વલ્લભપુર બસ સ્ટેન્ડની સામે, તા.રાપર, જી.ભુજ, કચ્છ) ને તેમના કબજાના કન્ટેનર MH-24-AU-6701 માંથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન, આ વિદેશી દારૂનો જથ્થો ભરેલું કન્ટેનર લેવા મોકલનાર (૩) જમીર હારૂન હસન પટેલ (રહે. મલ્કાપુર, આગા શિવનગર, તા.કરાડ, જી.સત્તારા, મહારાષ્ટ્ર, મૂળ રહે. માયાણી ડાંગર વસ્તી, તા.ખટાવ, જી.સત્તારા, મહારાષ્ટ્ર, અને (૪) વિદેશી દારૂનો જથ્થો ભરેલું કન્ટેનર ભરૂચ ખાતે મૂકી જનાર મો.નં. ૯૦૦૪૦૧૫૮૨૭ વાળા ઈસમની પણ સંડોવણી બહાર આવી હતી.

### ટિકિટ વિતરણને લઈને કોંગ્રેસની નીતિ પર ઉઠ્યા પ્રશ્નો, નગરનું રાજકારણ ગરમાયું

# ડભોઈના વોર્ડ નં. 09 માં કોંગ્રેસ ઉમેદવારનું ફોર્મ પરત: ભાજપના પરેશભાઈ રબારી બિનહરીફ જાહેર

**આવનારી** ચૂંટણી પર તેનો સીધો પ્રભાવ પડશે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા

(પ્રતિનિધિ) ડભોઇ, તા.15

ડભોઇ નગર પાલિકા ચૂંટણી દરમિયાન વોર્ડ નં. 09માં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિજયભાઈ રબારી દ્વારા અચાનક ઉમેદવારી પરત ખેંચતા રાજકીય માહોલ ગરમાયો છે. તેમના ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર પરેશભાઈ રબારી બિનહરીફ જાહેર થયા છે.

માહિતી મુજબ, અગાઉ ભાજપમાં ટિકિટ ન મળતા વિજયભાઈ રબારીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ બાદમાં તેમણે ઉમેદવારી પરત ખેંચીને ફરી ભાજપનો ખેસ ધારણ કરતા કોંગ્રેસ પક્ષની કાર્યપદ્ધતિ અને ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પર સવાલો ઊભા થયા છે.

નગરપાલિકા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં ટિકિટ મેળવવા માટે ભારે હોડ જોવા મળી હતી. ભાજપ તરફથી વોર્ડ નં. 04 માટે વિજયભાઈ રબારી, વોર્ડ નં. 05 માટે સલીમભાઈ ઘાંચી અને વોર્ડ નં. 03 માટે કુલદીપ શર્માએ ટિકિટ માગી



હતી, પરંતુ ત્રણેયને ટિકિટ ન મળતા કોંગ્રેસે તેમને ઉમેદવારી આપી હતી. તેમ છતાં, ત્રણમાંથી એક ઉમેદવારે ઉમેદવારી પરત ખેંચી લેતા અને બાકી બે ઉમેદવારો સક્રિય રાજકારણમાંથી ગાયબ થતા તેમની નૈતિકતા અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

આ ઘટનાથી ડભોઇ નગરનું રાજકારણ વધુ ગરમાયું છે અને આવનારી ચૂંટણી પર તેનો સીધો પ્રભાવ પડશે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.

વોર્ડ નં. 09માં કોંગ્રેસ ઉમેદવાર વિજયભાઈ રબારી દ્વારા ઉમેદવારી પરત ખેંચાતા ભાજપના પરેશભાઈ રબારી બિનહરીફ વિજેતા બન્યા છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ, ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, શહેર પ્રમુખ દિક્ષિતભાઈ દવે, મહામંત્રી હિરેનભાઈ શાહ અને કિરીટભાઈ વસાવા સહિત ભાજપના આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કરજણમાં ભાજપનો દબદબો: ચાર તાલુકા પંચાયત અને એક જિલ્લા પંચાયત બેઠક બિનહરીફ

(પ્રતિનિધિ) કરજણ, તા.15

આજે કરજણ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માટે આનંદની લહેર છવાઈ ગઈ હતી. તાલુકા પંચાયતની ચાર અને જિલ્લા પંચાયતની એક બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતાં પક્ષના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરોએ ફટાકડા ફોડીને આ જીતની ખુશી વ્યક્ત કરી હતી, જે આગામી ચૂંટણીઓમાં પક્ષના મનોબળને વધુ મજબૂત બનાવશે.

### આ બેઠકો બિન હરીફ થઇ

**તાલુકા પંચાયત:**

સિમરી બેઠકઃ સિમરી તાલુકા પંચાયત બેઠક પરથી આમ આદમી પાર્ટીના હિતેશભાઈ પટેલ અને કોંગ્રેસના હેતલબેન કેયુરભાઈ પટેલે પોતાના ફોર્મ પરત ખેંચી લેતા, ભાજપના ઉમેદવાર ભૂમિકાબેન ચંદ્રકાંત પટેલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. આ બેઠક પર ભાજપનો વિજય પક્ષ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

વલણ-૨ બેઠકઃ વલણ-૨ બેઠક પરથી કોંગ્રેસના જયેશભાઈ જયંતિભાઈ વસાવાએ પોતાનું ફોર્મ પાછું ખેંચી લેતા, ભાજપના કેયુરભાઈ ચતુરભાઈ રાઠોડ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ વિજય પણ ભાજપની પકડ મજબૂત બનાવે છે.

સાયર બેઠકઃ સાયર બેઠક પરથી કોંગ્રેસના સુનીતાબેન લક્ષ્મણભાઈ વસાવાએ ફોર્મ પરત ખેંચતા, ભાજપના હેતલબેન મહેશભાઈ વસાવા બિનહરીફ વિજેતા બન્યા હતા. આ બેઠક પર પણ ભાજપનો દબદબો સ્પષ્ટ દેખાય છે.

સામરી બેઠકઃ સામરી બેઠક પર કોંગ્રેસના હેમલતાબેન વિપુલભાઈ વાસદિયાનું ફોર્મ શૌચાલય સંબંધિત મુદ્દાને કારણે રદ થતાં, ભાજપના જ્યોત્સનાબેન અજીતસિંહ રાજ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ બેઠક પરનો વિજય ભાજપ માટે એક અણધારી સફળતા સમાન છે.

**જિલ્લા પંચાયત:**

ચોરદા બેઠકઃ જિલ્લા પંચાયતની ચોરદા બેઠક પરથી કોંગ્રેસના જયશ્રીબેન મનોજભાઈ રોહિતે પોતાનું ફોર્મ પાછું ખેંચી લેતા, ભાજપના જ્યોત્સનાબેન વસંતભાઈ રબારી બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જિલ્લા પંચાયતમાં આ બિનહરીફ વિજય ભાજપ માટે એક મોટી ઉપલબ્ધિ છે.

આમ, કરજણ ૧૪૭ વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવતા કરજણ તાલુકામાં ભાજપે કુલ ચાર તાલુકા પંચાયત બેઠકો અને એક જિલ્લા પંચાયત બેઠક પર બિનહરીફ વિજય મેળવીને પોતાની રાજકીય તાકાતનું પ્રદર્શન કર્યું છે.

# સાવલી સ્થાનિક સ્વરાજ ચૂંટણી: ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ, પાલિકામાં એક બેઠક ભાજપ બિનહરીફ

**વોર્ડ** નં. 3 માં ભાજપના અંકિત રાણા બિનહરીફ, ઉપપ્રમુખ દંપતીએ ફોર્મ ખેંચ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા.15

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજરોજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાના દિવસે અપક્ષો સહિત ના ઉમેદવારો એ ઉમેદવારી પત્રો પરત ખેંચતા તાલુકા પંચાયત માં 61 ઉમેદવારો તેમજ જિલ્લા પંચાયત માટે 12 ઉમેદવારો અને પાલિકા માટે 48 ઉમેદવારો મેદાન માં રહેતા સમગ્ર ચૂંટણી નું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે.

સાવલી તાલુકા ની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો જેમાં વિવિધ અપક્ષોએ વિવિધ બેઠકો પર ફોર્મ ખેંચી લીધા હતા તેના પગલે સમગ્ર ચૂંટણી ના ઉમેદવારો નું ચિત્ર ત્રણ વાગ્યા બાદ સ્પષ્ટ થઈ ગયું હતું જેમાં સાવલી નગર પાલિકા માં આજે ફોર્મ પરત ખેંચવાના દિવસે ભાજપ ના 23 અને કોંગ્રેસ 23 અને બે અપક્ષો મળી કુલ 48 ઉમેદવારો મેદાન માં રહ્યા છે જેમાં વોર્ડ નંબર 6 અપક્ષ તરીકે ઉમેદવારી કરનાર પાલિકાના ઉપપ્રમુખ ચેતન દવે અને તેમના પત્ની સેજલ દવે એ ઉમેદવારી પરત ખેંચી લીધી છે જ્યારે વોર્ડ નંબર 3 ના ભાજપના ઉમેદવાર અંકિત રાણા કોંગ્રેસ ના ઉમેદવાર નું ફોર્મ રદ થતા બિનહરીફ થયા છે જ્યારે જિલ્લા પંચાયત ની 5 બેઠકો માટે કુલ 12 ઉમેદવારો મેદાનમાં છે જેમાં ગોઠડા જિલ્લા પંચાયત ની બેઠકો પર કોંગ્રેસ ભાજપ અને અપક્ષ વચ્ચે ત્રિપાંખિયો જંગ થશે અને ભાદરવા જિલ્લા પંચાયત બેઠક માટે ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ થનાર છે જ્યારે બાકીની ત્રણ બેઠકો પિલોલ ધનતેજ અને વાંકાનેર જિલ્લા પંચાયત ની બેઠકો પર સીધી સ્પર્ધા થનાર છે જ્યારે તાલુકા પંચાયત ની 22 બેઠકો માટે કુલ 87 ફોર્મ ભરવામાં આવ્યા હતા ભાજપ 22 કોંગ્રેસ 21 આમ આદમી પાર્ટી 3 અપક્ષ 14 ઓલ ઈન્ડિયા મજલિસ 1 મળી કુલ 61 ઉમેદવારો મેદાન માં છે આજે 9 ફોર્મ પરત ખેંચાયા છે ટોટલ 87ફોર્મ ભરવામાં આવ્યા હતા જેમાં મેન્ડેટ ના હોવાથી તેમજ ફોર્મ પરત ખેંચી લેવાથી આજે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે કુલ 61 ઉમેદવારો મેદાન માં રહ્યા છે.

### મુવાલના યુવાનનું મોત, બાળક સહિત અનેક ઇજાગ્રસ્ત

# પાદરા નજીક મુવાલ-મોભા રોડ પર ગંભીર અકસ્માત, યુવાનનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.15

પાદરા તાલુકામાં મુવાલ ગામથી મોભા રોડ પર થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજતા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. માહિતી મુજબ તા.૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૧૫ વાગ્યે મુવાલ ચોકડી પાસેથી મોભા રોડ તરફ જતા માર્ગ પર આ દુર્ઘટના બની હતી. અજાણ્યા ચાલક દ્વારા ચલાવવામાં આવતી મોટરસાઈકલ અતિશય ઝડપે અને ગફલતભરી રીતે ચલાવવામાં આવી રહી હતી. તે સમયે સામે તરફથી આવી રહેલી મોટરસાઈકલ સાથે જોરદાર ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મુવાલ ગામના રહેવાસી મયુરકુમાર અજીતભાઈ પરમારને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માતમાં મોટરસાઈકલ પર પાછળ બેઠેલા એક નાનકડા બાળકને મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. તેમજ ઘટનાસ્થળે હાજર અન્ય વાહન સાથે પણ ટક્કર થતા ૨ કેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ કેસ માં ફરીયાદી હેમાંગીનીબેન જસપાલસિંહ રાજ, જે પોતાની એકટીવા પર પસાર થઈ રહ્યા હતા, તેઓ પણ અકસ્માતની ઝપેટમાં આવી ગયા હતા. તેમને જમણા પગના પંજાના ભાગે ઈજા પહોંચી છે.

### કોંગ્રેસના 3 અને 10 અપક્ષોએ મેદાન છોડ્યું

# પાદરા પાલિકાની 28 માંથી 11 બેઠકો પર ભાજપનો કબજો, 17 બેઠકો માટે 48 ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ

**ધારાસભ્ય** અને માજી પ્રમુખોના હોમ ગ્રાઉન્ડમાં પેનલ બિનહરીફ કરવામાં વિપક્ષ નિષ્ફળ

(પ્રતિનિધિ) પાદરા, તા.15

પાદરા નગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો વચ્ચે ચૂંટણી પ્રક્રિયામાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. કુલ 28 બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં 11 ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં રાજકીય ચિત્ર વધુ રસપ્રદ બન્યું છે, જ્યારે બાકી રહેલી 17 બેઠકો માટે હવે સીધી ટક્કર જોવા મળશે.

પાદરા નગરપાલિકાની વોર્ડ નં. 1 થી 7 સુધીની કુલ 28 બેઠકો માટે તા.26/04/2026ના રોજ મતદાન યોજાવાનું હતું. જે ચૂંટણી પ્રક્રિયાના કુલ 64 ઉમેદવારી પત્રો ભરાયા હતા. ત્યારબાદ ચકાસણી દરમિયાન 3 ઉમેદવારી પત્રો રદ થતાં 61 ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. આજે ફોર્મ પરત ખેચવાની તારીખે કોંગ્રેસ ના ૩ ઉમેદવારો અને ૧૦ અપક્ષ મળી કુલ ૧૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પત્ર પરત ખેંચતાં હવે કુલ 48 ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. આ પ્રક્રિયા બાદ વોર્ડ નં.૬ માં ૪ અને વોર્ડ નં.૭ માં ૪ મળી કુલ ૮ બેઠકો સહીત વોર્ડ નં.૨ માં ૧, વોર્ડ નં.૩ માં ૧, અને વોર્ડ નં.૪ માં ૧ મળી કુલ ૧૧ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. હવે બાકી રહેલી ૧૭ બેઠકો માટે ૪૮ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર રહેશે. વોર્ડ નં.૧, ૨, ૩, ૪, ૫ માં હવે બાકીની બેઠકો માટે ચૂંટણી યોજાશે, જેને લઈને રાજકીય રસાકસી વધવાની શક્યતા છે. ખાસ નોંધનીય બાબત એ છે કે અગાઉની ગત ટર્મની નગરપાલિકા સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નં.૨ ના ૪ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

હાલના વર્તમાન સમયમાં આ જ વોર્ડ વિસ્તારમાં ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તથા માજી પ્રમુખ મનીષાબેન પટેલ, માજી પ્રમુખ મયુરધ્વજસિંહ ઝાલાનો વિસ્તાર હોવા છતાં તેઓ પોતાના વિસ્તારમાં બિનહરીફ જીત સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહ્યા છે, જે રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે. હવે ૧૭ બેઠકો માટે થનારી સીધી ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારો વચ્ચે જંગી મુકાબલો થવાની સંભાવના છે. ચૂંટણીના પરિણામો સ્થાનિક રાજકીય દિશાને નક્કી કરશે તેવું માનવામાં આવે છે.

## મટકા જુગાર રમાડતા ઈસમ ઝડપાયો, 10,440નો મુદ્દામાલ કબજે

પાદરાઃ પાદરા તાલુકાના વડુ ગામમાં જાહેર સ્થળે મટકા જુગાર રમાડતા એક ઈસમને પોલીસે રંગેહાથ ઝડપી પાડતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આરોપી પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. વડુ ગામે સરકારી હોસ્પિટલની બાજુમાં ગોયા વગા વિસ્તારમાં નવી નગરી પાછળ તળાવની પાળ પાસે કોઠીના ઝાડ નીચે જાહેરમાં જુગાર ચાલી રહ્યો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા ગુલામભાઈ રાયસિંહ સિંધા (ઉંમર ૪૩ વર્ષ, રહે વડુ સિંધા ફળિયું)ને મટકા જુગાર રમાડતા ઝડપ્યો હતો. પોલીસે આરોપીની અંગ ઝડતી કરતા તેની પાસેથી કુલ 10,440 ની રોકડ રકમ, આંકડા લખવાની કાચી બુક, કાર્બન પેપરનો ટુકડો અને બોલપેન મળી આવ્યા હતા.

# બોડેલી નગરપાલિકામાં ભાજપના વધુ 2 ઉમેદવારો બિનહરીફ વિજેતા: કુલ 6 બેઠકો પર આગવી જીત

**નવ નિર્મિત** નગરપાલિકામાં ભાજપની સત્તા તરફ મજબૂત સંકેતો, હવે મતદારોના નિર્ણય પર નજર

(પ્રતિનિધિ) બોડેલી, તા.15

છોટાઉદેપુર જિલ્લાની નવ નિર્મિત બોડેલી નગરપાલિકામાં સત્તા હાંસલ કરવા ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી પૂર્વે જ મજબૂત સ્થિતિ બનાવી છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં જ ભાજપે કુલ ૬ ઉમેદવારોને બિનહરીફ વિજેતા બનાવવામાં સફળતા મેળવી છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ભાજપની પકડ મજબૂત બનતી દેખાઈ રહી છે.



માહિતી મુજબ, બોડેલી નગરપાલિકાની ચૂંટણી માટે શરૂઆતમાં ૮૩ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા. અંતિમ દિવસે એટલે કે તા. ૧૫-૦૪-૨૦૨૬ના રોજ તપાસ બાદ ૬૯ ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. જેમાંથી અગાઉના દિવસે ભાજપના ૪ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા, જ્યારે અંતિમ દિવસે વધુ ૨ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થતા ભાજપના કુલ ૬ ઉમેદવારો વિજયી બન્યા છે.

બોડેલી નગરપાલિકામાં ભાજપ તરફથી બિનહરીફ વિજેતા બનેલા ઉમેદવારોમાં ગંગાબેન રાઠવા, મૈત્રી શાહ, રાધિકા મોરે, સલમાબાનુ મન્સૂરી, કાર્તિક શાહ અને ઉમેશ રાઠવાનો સમાવેશ થાય છે. આ પરિણામથી ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

હાલની પરિસ્થિતિ જોતા બોડેલી નગરપાલિકામાં ભાજપ વધુ બેઠકો જીતવા માટે મજબૂત સ્થિતિમાં હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે અંતિમ પરિણામ મતદારોના મિજાજ પર નિર્ભર રહેશે અને આવનારો સમય જ સ્પષ્ટ ચિત્ર રજૂ કરશે.

**જન્મની નોંધ બાબતે જાહેરનામું**

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નસવાડીની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી કેસ નંબર : 295/2026

અરજદાર : ઘાંચી ઐયુબભાઇ ઉસ્માનભાઇ

વિરૂધ્ધ

સામાવાળા : રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ અને તલાટી કમ મંત્રીશ્રી, ચામેઠા ગ્રામ પંચાયત, તા. નસવાડી

જન્મ-મરણ નોંધણી અધિનિયમ, 1969ની કલમ-13(3) હેઠળ જન્મની નોંધણી અન્વયે

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, નીચે આપેલ પત્રકમાં કોલમ નં - (3) મુજબના અરજદારશ્રીએ કોલમ નં. (૨) માં દર્શાવેલ તારીખની અરજીથી પત્રકમાં કોલમ નં- (5) મુજબના સંબધી માટે હોવાનું અને તે બાબતની નોંધણી જે-તે વખતે શરતચૂકથી રહી ગયેલ હોઇ તે સામાવાળાના દફતરે કરાવવા વાસ્તે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહું અરજી સામે કોઇ વાંધા યા તકરાર હોય તો તેઓએ તેમની આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-30 માં અત્રેની અદાલતમાં કામકાજના દિવસોએ બપોરે 12.20 કલાકે જાતે અગર વકીલશ્રી મારફતે હાજર થઇ લેખિતમાં વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે અને કોઇના વાંધા આવશે નહિતો અરજદારનો પુરાવો ધ્યાને લઇ નામદાર કોર્ટ અરજી અંગે આગળની કાર્યવાહી હાથ ધરશે, જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

જન્મ પત્રક

ચામેઠા ગ્રામ પંચાયત

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|
| અ.નં | અરજીની તારીખ | અરજાદરશ્રીનું નામ | ગામનું નામ | જન્મ થનારનું નામ | અરજદારશ્રી સાથે સંબધ | જન્મની તારીખ / વર્ષ |
| 1 | 21-01-2026 | ઘાંચી ઐયુબભાઇ ઉસ્માનભાઇ | ચામેઠા | ઘાંચી મુમતાજબેન ઉસ્માનભાઇ | બેન | 1-06-1966 |

આજ રોજ તારીખ 13 માહે એપ્રિલ સને 2026 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(વી.ડી.સિસોદિયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
નસવાડી

**જન્મની નોંધ બાબતે જાહેરનામું**

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નસવાડીની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી કેસ નંબર : 294/2026

અરજદાર : ઘાંચી ઐયુબભાઇ ઉસ્માનભાઇ

વિરૂધ્ધ

સામાવાળા : રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ અને તલાટી કમ મંત્રીશ્રી, ચામેઠા ગ્રામ પંચાયત, તા. નસવાડી

જન્મ-મરણ નોંધણી અધિનિયમ, 1969ની કલમ-13(3) હેઠળ જન્મની નોંધણી અન્વયે

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, નીચે આપેલ પત્રકમાં કોલમ નં - (3) મુજબના અરજદારશ્રીએ કોલમ નં. (૨) માં દર્શાવેલ તારીખની અરજીથી પત્રકમાં કોલમ નં- (5) મુજબના સંબધી માટે હોવાનું અને તે બાબતની નોંધણી જે-તે વખતે શરતચૂકથી રહી ગયેલ હોઇ તે સામાવાળાના દફતરે કરાવવા વાસ્તે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહું અરજી સામે કોઇ વાંધા યા તકરાર હોય તો તેઓએ તેમની આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-30 માં અત્રેની અદાલતમાં કામકાજના દિવસોએ બપોરે 12.20 કલાકે જાતે અગર વકીલશ્રી મારફતે હાજર થઇ લેખિતમાં વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે અને કોઇના વાંધા આવશે નહિતો અરજદારનો પુરાવો ધ્યાને લઇ નામદાર કોર્ટ અરજી અંગે આગળની કાર્યવાહી હાથ ધરશે, જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

જન્મ પત્રક

ચામેઠા ગ્રામ પંચાયત

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|
| અ.નં | અરજીની તારીખ | અરજાદરશ્રીનું નામ | ગામનું નામ | જન્મ થનારનું નામ | અરજદારશ્રી સાથે સંબધ | જન્મની તારીખ / વર્ષ |
| 1 | 21-01-2026 | ઘાંચી ઐયુબભાઇ ઉસ્માનભાઇ | ચામેઠા | ઘાંચી સરીફાબેન ઉસ્માનભાઇ | બેન | 13-06-1972 |

આજ રોજ તારીખ 13 માહે એપ્રિલ સને 2026 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(વી.ડી.સિસોદિયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
નસવાડી